# અંકલ, પાણી!

છઠ્ઠા નંબરના ફ્લૅટવાળા નવનીતભાઈ ક્યારના આવ્યા હતા પણ કંઈ બોલતા નહોતા.

આખરે સુમિતે કહ્યું, "કંઈ કામ હતું?"

"કામ તો શું, પણ... નવનીતભાઈએ એક લાંબો નિસાસો નાખીને પોતાના પગ ભણી જોવા માંડ્યું.

શર્વરીને લાગ્યું કે પોતે ઊઠી જાય તો કદાચ નવનીતભાઈ સુમિતને જે કહેવા આવ્યા હોય તે કહી શકે. પરંતુ એ હજી તો સોફામાંથી ઊઠે એ પહેલાં નવનીતભાઈએ બોલવા માંડ્યું, "તમને બધાને એમ થતું હશે કે... પણ હું શું કરું?"

સુમિતે કહ્યું, "તમે પણ શું, નવનીતભાઈ? આજકાલ કોણ કોની પંચાત કરવા નવરું છે? ને આપણા બિલ્ડિંગમાં તો બધા ભણેલા ગણેલા સુધરેલા માણસો છે... તમે આવી ખોટી ચિંતા ન કરો– ને હા, કોલ્ડ કૉફી બનાવવામાં અમારાં મેડમની માસ્ટરી છે – શર્વરી!"

"સમજી ગઈ. એ બહાને તમારે બીજી વાર કૉફી પીવી છે એમ સીધું જ કહી નાખો ને!"

"ઓ.કે. જે સમજવું હોય તે સમજ, બસ?"

"નવનીતભાઈ, તમે તમારે બેસો નિરાંતે! ફર્સ્ટક્લાસ કૉફી બનાવતાં થોડી વાર તો લાગશે જ! તમારી પાસે ટાઇમ તો છે ને?"

"ટાઇમ જ ટાઇમ છે. શું કરવું એની સમજ નથી પડતી."

એક આછું સ્મિત કરીને શર્વરી રસોડામાં ચાલી ગઈ અને સુમિતે સહેજ ઉત્કંઠાથી નવનીતભાઈ સામે જોયું.

"તમને શું લાગે છે? કોઈ પોતાની મમ્મીને આમ બહેનને સાસરે જવા દેતું હશે, પણ સાચું કહું છું, બીજો કોઈ રસ્તો જ નહોતો!"

થોડી વાર કોઈ કંઈ બોલ્યું નહીં, પછી નવનીતભાઈએ આગળ ચલાવ્યું "મમ્મી બી ગઈ હતી. એની હાજરીમાં મીનુ કંઈ આડુંઅવળું કરી બેસે તો વાંક તો મમ્મીનો જ ગણાય ને? એ ડરથી જ એણે મને કહ્યા વગર બહેનને બોલાવી હતી અને એને સાસરે, રહેવા જવા પણ તૈયાર થઈ ગઈ હતી."

"અરે, એવું તે શું હતું?"

"મીનુ જેમાં ને તેમાં પોતે આપઘાત કરી નાખશે એવી ધમકી આપ્યા કરતી હતી. સાચું કહું છું, સુમિત! મારી મમ્મી તો મરતાને મેર કહે એવી નથી. સાવ ભોળી ને ભદ્રિક. પણ એને ડર લાગતો હતો... એટલે જ એ જતી રહી...

"તે મીનુબહેનને શું – કંઈ પ્રોબ્લેમ હતો?"

"ભગવાન જાણે! અમારા ઘરમાં તો એ દિવસ કહે તો દિવસ અને રાત કહે તો રાત એવું એનું ચલણ હતું – હતું શું, હજીયે છે જ!"

"તમે એક કામ કરો. કોઈ સકાયેટ્રિસ્ટને બતાવો."

"એ આવતી હશે? એ તો જ્યાં ત્યાંથી ઘાસલેટ ભેગું કરે છે. ઇલેક્ટ્રિસિટીનાં પોઇન્ટ્સ સાથે ચેડાં કરે છે અને..."

પુરુષોથી રડાય નહીં એવો સર્વમાન્ય કાયદો ભૂલી જઈને નવનીતભાઈ રીતસર રડી જ પડ્યા.

"હું શું કરું? કંઈ સમજાતું નથી."

"એમને ઘેર ખબર અપાય એમ છે?"

"એના ઘરમાં છે જ કોણ? ભાઇભાભી જોડે બોલતી નથી ને માબાપ તો ક્યારનોયે છૂટી ગયાં છે!"

"તમને એવું લાગે છે કે મીનુબહેન ખરેખર કંઈ કરશે?"

"ભગવાન જાણે! પોલીસમાં ફરિયાદ પણ ક્યાંથી કરું? હજુ તો એણે કંઈ કર્યું નથી – પણ સાચું કહું છું સુમિત, ઑફિસમાંયે મારો કામમાં જીવ લાગતો નથી... ટેલિફોનની ઘંટડી સાંભળું ને પેટમાં ફાળ પડે... શું કરું? કંઈ સમજાતું નથી.

આખા ઓરડામાં બેચેની ભરી શાંતિ છવાઈ ગઈ હતી... બંને પુરુષો શબ્દો માટે ફાંફાં મારતા એકબીજાની સામે જોઈ રહ્યા હતા. એટલામાં નાની નાની પગલીઓનો અવાજ સંભળાયો. બંનેની નજર ત્યાં ગઈ ત્યારે ત્રણ ચાર વરસની કિન્ની બે હાથમાં ચપસીને પકડેલા પ્યાલા સાથે અંદર આવી. પ્યાલામાંથી છલકાતું પાણી નીચે પડતું હતું. જમીન ભીની થતી હતી તે તરફ જરાયે ધ્યાન આપ્યા વગર એણે પ્યાલો નવનીતભાઈ તરફ લંબાવીને કહ્યું, "અન્કલ! લો પાણી!"

• • •

## 2

# અંગત અનુભવ

"કેમ, રસિકભાઈ! શા ખબર છે?" ટેબલ પાસે આવીને કોઈ પણ માણસ ઊભું રહેવું જોઈએ, રસિકલાલ ધીરેથી ચશ્માં કાઢે, એકાદ બે ખોંખારા ખાય, પેલાને જિંદગીમાં પહેલી જ વાર જોતા હોય એમ તાકી તાકીને જુએ, ને પછી ગંભીરતાથી કહે, "બેસો! આ ખુરશીમાં નહીં, આમાં. પેલી ખુરશીની ધાર આગળ એક ખીલી ઊંચી આવી છે..."

થઈ રહ્યું! એ ખીલીને લીધે કોનાં કોનાં કપડાં ફાટ્યાં એ પાટા પર ગાડી આગળ વધે કે પછી કેટલા પટાવાળાઓને કેટલી વાર કહ્યું છતાં કોઈ આટલી નાનીસરખી ખીલી પણ ઠોકી આપતું નથી અને આખી ઑફિસનું તંત્ર જ કેવું રેઢિયાળ થઈ ગયું છે એ પાટા પર સડસડાટ દોડવા માંડે, અડધો-પોણો કલાક તો એ ખીલીની રામાયણમાં જ પૂરો થવાનો. આમેય તે રસિકલાલની વાત કરવાની પદ્ધતિ ઉસ્તાદી ગાયક જેવી હતી - એમાં ઉતાવળ કામ ન આવે. એમની સાથે કામ કરનારાઓ એવા ચેતી ગયેલા કે કંઈ પણ અગત્યનું કામ હોય તો રસિકલાલને ચિઠ્ઠી જ મોકલાવે, રૂબરૂ જાય જ નહીં. એમના મનને લખેલા શબ્દની મહત્તા કંઈક વધારે હતી. ગમે તેવી વાત ચાલતી હોય તોયે બોલતા અટકી જાય. ચશ્માં ચડાવીને ચિઠ્ઠી એક-બે વાર વાંચી જાય અને એનો યોગ્ય ખુલાસો ઝડપથી, ચોકસાઈથી લખી નાખે. પોતાનું લખેલું ફરી વાંચી જવા જેટલી ચીવટેય એમનામાં હતી, પણ પછી એ પ્રકરણનો અંત આવતો. પટાવાળાના હાથમાં જવાબ મૂકી દઈને એ ફરી પાછા વાતનો દોર સાંધતા. અલબત્ત, વચમાં આવું કંઈક આવી જાય - "શું કરીએ, પેટ કરાવે વેઠ! જરાક જોઈ લેવું પડ્યું - મફતનો પગાર ખવાય છે કંઈ?"

"ના, ના, ના, કશી જ ઉતાવળ નથી, બેસોને તમતમારે નિરાંતે. અમારે તો આ રોજનું લાગ્યું, ચાલ્યા કરવાનું."

"હં, હું શું વાત કરતો હતો?"

અને એ પણ સમજી લેવાનું, ટેબલ આગળ ગમે તેટલા માણસો ભેગા થયા હોય, વાત કરતા હોય એકલા રસિકલાલ જ. એ ઇજારો એમનો જ હતો. બીજું માણસ કંઈક બોલવા જાય તો રસિકલાલ એકદમ શાંત થઈ જાય. એકાગ્રતાપૂર્વક એની સામે જોવા માંડે ને પેલો કંઈક ફુલાઈને વાત આગળ વધારે કે રસિકલાલ ખૂબ વિનયપૂર્વક કહે - "જુઓને, આ તમે કહ્યુંને, તેના પરથી મને એક વાત યાદ આવી ગઈ. 1922માં કે પછી કદાચ 21માં - હા, બનતાં લગી 21માં જ હું મારા પિતાશ્રી જોડે ભાવનગર ગયેલો. હવે તે વખતનું ભાવનગર એટલે..."

ચાલ્યું, વાતની વાત ને તેની વાત. ક્યાંય કંઈ છેડો દેખાય જ નહીં. વળી પાછી ખૂબી એવી કે એમને શેના પરથી શું યાદ આવી શકે ને શું નહીં તે તમે કોટિ ઉપાયે સમજી ન શકો. કયું રેફ્રિજરેટર સારું એની વાત ચાલતી હોય તેમાં અધવચ રસિકલાલ કહી શકે, "એ સાચું પણ એના પરથી મને યાદ આવ્યું કે મહેસાણાની ભેંસના દૂધમાંથી ઘી બહુ નીકળે. અમારા પાડોશીને ત્યાં એક ભેંસ હતી. ભેંસ તે કંઈ ભેંસ! કાળાં ચમકદાર શિંગડાં અને લથડ પથડ શરીર. હવે એ ભેંસને એવી ટેવ કે..."

જવા દો, ભેંસનાં શિંગડાં ભેંસને ભારે, કદાચ આપણે એવો પણ વિચાર કરી શકીએ કે રેફ્રિજરેટર પરથી એમને દૂધ યાદ આવ્યું હશે ને દૂધ પરથી આ કાળાં ચમકદાર શિંગડાં ને લથડ પથડ શરીરવાળી ભેંસ યાદ આવી ગઈ હશે, પણ કેટલીક વાર તો રસિકલાલ એવા હનુમાનકૂદકા મારે કે ભીંડાના ભાવની વાત પરથી જાય સીધા કયા વિમાને કેટલી ઝડપ સાધી તેના પર અને ત્યાંથી ઊતરી આવે એમના દરજીની હરામખોરી પર. ભગવાને બે હાથ ને બે પગ ન કર્યા હોત તો સિલાઈની માથાકૂટ પડત જ નહીં અને ગોળ ભૂંગળી જેવા કપડામાં માણસો સહેલાઈથી પેસી શકત એ એમનો બહુ મનગમતો અને એમના મત પ્રમાણે મૌલિક વિચાર હતો. હાથ જ ન હોત તો એ ગોળ ભૂંગળી બનાવત કોણ અને એ ભૂંગળીને જમીન પર નાખીને લોકો અજગરની પેઠે એમાં પેસી જતે કે કેમ એવા બધા પ્રશ્નો એમને કોઈ પૂછતું નહીં. ક્યાંથી પુછાય, સાદામાં સાદો પ્રશ્ન પૂછો તો પણ એકાદ કલાકના જવાબની તૈયારી રાખવી જ પડે. હવે આ જમાનામાં એવી નવરાશ કોને હોય? એટલે બધા રસિકલાલ જે કંઈ કહે તે ચૂપચાપ સાંભળ્યા કરતા. કવચિત્ ડોકું ધુણાવતા કે સ્મિત વેરતા અને વચ્ચે વચ્ચે “હં, હા… એમ? ખરેખર?” એવું તેવું કંઈક નિરર્થક બોલ્યા કરતા.

પણ રસિકલાલ પાસે ઘણા માણસોને જવું પડતું. એક તો એમનો હોદ્દો મોટો, વળી પોતાની જાતને કશો વાંધો ન આવતો હોય ત્યાં સુધી કોઈકને મદદરૂપ થવાની વૃત્તિ પણ ખરી એટલે લોકો એમને શોધતા આવતા અને એમની લાંબી લાંબી અસંગત લાગે એવી વાતો સાંભળ્યા કરતા. તોય જોવા જેવું એક એ હતું કે લંચઅવર પહેલાં એમના ટેબલ પાસે ભાગ્યે જ કોઈ ફરકતું. બીજાં કારણો ગમે તે હોય, એક મુખ્ય કારણ એ હતું કે એમની સાથે વાતો કર્યા પછી મોટા ભાગના લોકોની ભૂખ મરી જતી. રસિકલાલ પાસે જવું તો પડે, જઈને “કેમ રસિકભાઈ, શા ખબર?” એમ પૂછવુંય પડે અને મહાદુઃખની વાત એ કે એ ખબર કોઈ દિવસ સારા હોય નહીં.

શી ખબર, ક્યાંય કશું જ સારું બનતું જ નહીં હોય? કે પછી બનતું હશે તો રસિકલાલના જાણવામાં નહીં આવતું હોય, કે જાણવામાં આવતું હશે તો યાદ નહીં રહેતું હોય? એટલી વાત નક્કી કે રસિકલાલને મોંએ કદી કંઈ સારા કે આનંદના સમાચાર સાંભળવા મળે જ નહીં. તમે મોટે ઉપાડે એવું કંઈક સંભળાવવા જાઓ તો એ સાંભળે ખરા, પણ પછી તરત જ એ ઉપર ઉપરથી સારી લાગતી વાતમાં ખરેખર કેવું અંધકારમય ભાવિ છુપાયું છે તે તમને એટલા ભારપૂર્વક સમજાવી દે કે તમે ભલેને ગમે તેવા ઉમંગભર્યા દિલે એમની પાસે ગયા હો, ઉદાસ ને ગમગીન થઈને જ ઊઠો.

માણસજાતે ખરાબ નહીં, કોઈને દુઃખી કરવાની વૃત્તિવાળા પણ નહીં, તેમ છતાં એમનો આખો દૃષ્ટિકોણ એવો કે વાતાવરણ નિરાશાભર્યું કરી નાખે ત્યારે જ જંપ વળે, એમને પોતાને આમાં કશું ખોટું દેખાતું નહીં, ઊલટાની કંઈક મઝા આવતી. એ સિક લીવ ભોગવીને ઑફિસમાં પાછા આવે ને તમે ભૂલેચૂકે એમ કહી આવો કે ‘રસિકભાઈ, હવે તમારી તબિયત સારી લાગે છે,’ તો બહુ નાખુશ થઈ જાય. તબિયત ભલે સારી દેખાતી હોય, ખરેખર તો સારી નથી જ, ડૉક્ટરોને રોગની કશી સમજ પડતી નથી, ભલે ને એ લોકો શરદી સળેખમની વાતો કરતા, ખરેખર તો એની પાછળ ન્યુમોનિયા, પ્લુરસી કે એથીયે વધારે ગંભીર રોગોની શક્યતા ઊભી થઈ છે એવું એવું કહ્યા વગર એમને ચેન ન પડે. ઘરમાં નવો નોકર આવી ગયો તે સારું થયું એવું તમે કહી બેસો તો તો તમારું આવી જ બન્યું.

"બેસો, જોજો, પેલી ખુરશીમાં ન બેસતા. વળી પાછું ક્યાંક… પેલી ખીલીની વાત તો મેં તમને કરી હતી ને?… હં, નોકર મળ્યો તે સારું થયું એમ તમે કહો છો ને? શું સારું થયું? તમે જરા વિચાર તો કરી જુઓ… આ આજકાલની મોંઘવારી… દૂધના ભાવ જુઓ… ઘીના જુઓ, તેલના જુઓ, કઠોળના જુઓ, ગોળના જુઓ…"

"હં……"

"કશું છે સસ્તું? હવે હું રહ્યો દોઢ રોટલીનો ઘરાક. મારી વાઇફ વળી બે ખાય. અમારી મીના હજુ નાની છે તે ડાયેટ ફાયેટના લફરામાં નથી પડી તે ત્રણ-ચાર ખાય અને અશોક ચાર રોટલી ખાવાવાળો, કેટલી રોટલી થઈ?"

"હા……"

"થઈ ને દસ-અગિયાર રોટલી? હવે આ નોકરને એકલાને ચૌદ રોટલી જોઈએ છે, સમજ્યા?"

"એમ?"

"હા, બોલો હવે, માંડો હિસાબ, કેટલો ખર્ચ પડ્યો? આ બધું શી રીતે પોસાય? વળી પાછી એને ત્રણ વાર ચા જોઈએ. સાંજે નાસ્તો કરે, કપડાં સીવડાવી આપવાં પડે, હજામતના પૈસા આપવા પડે અને બૂટ-ચંપલની આશા રાખે તે નફામાં. આમાં સારું શું થયું?"

"હા, મોંઘું તો પડે."

"મોંઘાની ક્યાં માંડો છો મારા ભાઈ, જાણો છો ને, જમાનો કેવો છે? તેમાં મારી વાઇફને ટેવ એવી કે કોઈ દિવસ ચાવીનો ઝૂડો ઠેકાણે જ ન હોય. ક્યારેક કબાટ પર જ મૂકી રાખે તો ક્યારેક ગાદી તળે, કોઈ વાર અનાજના ડબામાં પણ સંતાડી દે ને પછી પોતે જ ભૂલી જાય કે ક્યાં મૂક્યો છે. કહો હવે, આ ક્યારે ચોરી કરીને ચાલતો થાય તેની કંઈ સમજ પડે?"

"એ જોખમ ખરું."

"એ જોખમની પણ મને તો એટલી પડી નથી. ખરી ચિંતા તો બીજી જ છે."

"એમ?"

"જાણો છો ને? આજકાલ કેટલાં ખૂન થાય છે તે? આ નવો નોકર રાખ્યો તો છે, પણ કોને ખબર ક્યારે આ ટેલિફોનની ઘંટડી વાગશે અને પોલીસ સ્ટેશનેથી સમાચાર આવશે કે - ખરું પૂછો તો હું આ વિચારથી એટલો હેરાનપરેશાન થઈ ગયો છું! એનું મોં પણ એવું લાગે છે! કોઈ જૂના બદમાશનો ફોટો છાપામાં જોયો હોય ને પછી એ પ્રત્યક્ષ મળે ત્યારે એનો ચહેરો પરિચિત લાગ્યા કરે એવું મને એને જોઈને થાય છે!"

"ત્યારે રજા જ આપી દો ને!"

"હવે? હવે તો રજા આપો એટલે ખલાસ. તરત જ વેર વાળ્યા વગર ન રહે, જાણો છો?"

"તો પછી?"

"પછી શું? હવે તો કોઈ ઇલાજ નથી. જે થાય તે મૂંગે મોંએ જોયા કરવાનું, બીજું શું?"

આ વાતચીત પછી તમે રસિકલાલના ટેબલ પરથી મૂંઝાઈને, મન પર એક જાતનો ભાર

લઈને જ ઊઠો, એમાં કશી શંકા છે? આવું કોઈક વખત જ બને એવું પણ નહીં. તમારા દીકરાનાં લગ્નનું આમંત્રણ આપવા ગયા હો અને તમારા વેવાઈ વિશે, ભાવિ પુત્રવધૂ વિશે, લગ્નની આખી રૂઢિ વિશે વિચાર કરતા ન થઈ જાઓ તો રસિકલાલ રસિકલાલ ન કહેવાય. દેખીતી રીતે સારા લાગતા પ્રસંગોમાં જે માણસ આવું આવું શોધી શકે તે ખરેખરી કરુણ ઘટના હાથ લાગે ત્યારે શું ન કરે તેની કલ્પના કરવી મુશ્કેલ. કમનસીબીમાં આનંદ માણવાની એમને એવી તો હથોટી બેસી ગઈ હતી કે એમના ઘરમાં જ્યારે ચોરી થઈ ત્યારે કેટલાકને શંકા ગયેલી કે વીમાકંપનીને છેતરવા નહીં, પણ અખૂટ રસભરેલી વાતોનો એક વિષય ઊભો કરવા એમણે જાણીજોઈને તો આ ચોરી નહીં કરાવી હોય!

એ રસિકલાલ એક દિવસ ગેરહાજર રહ્યા. બીજે દિવસે પણ એમની ખુરશી ખાલી જોઈને સાડા અગિયાર બાર વાગ્યે એ વિશે થોડી ઘણી વાતો થવા લાગી. ઓચિંતા બે વાગ્યે સમાચાર આવ્યા કે રસિકલાલનો એકનો એક દીકરો અશોક આગલે દિવસે નડેલા અકસ્માતને કારણે મરી ગયો છે! ઑફિસમાં સન્નાટો છવાઈ ગયો. પછી થોડાક સમયે જાણે કોઈક સિગ્નલ મળ્યું હોય એમ બધા કામકાજ છોડીને અમુક અમુક ટેબલો પાસે કૂંડાળું વળીને ઊભા રહી ગયા. ક્યાંક વાતો ધીમી ચાલતી હતી તો ક્યાંક જોસભેર. બધે વિષય એક જ હતો, કોઈ કહેતું હતું, "હંમેશાં એમને મોંએ આવી જ વાતો હોય, આખરે એવું જ થયું." કોઈ કહેતું, "પણ માણસ સારો. કોઈ દિવસ કોઈનું કંઈ બગાડે નહીં. બિચારાને માથે ખરી આફત આવી પડી!"

કશે બોલાતી નહોતી છતાં ઘણાયના મનમાં છૂપી છૂપી ઘોળાયા કરતી હતી તે વાત આ હતી. કમભાગ્યને જ મોકળા મને માણી શકનારો આ ઘોરખોદિયા જેવો માણસ... હવે આ વાતને ચોળી ચોળીને એટલી તો ચીકણી કરશે! મહિનાઓ શું, વર્ષો લગી એને મોંએ આ વાત અનેક રીતે સાંભળ્યા જ કરવી પડશે. અશોક ક્યાં જતો હતો, કયું વાહન અથડાયું, એને કોણે જોયો, સારવાર માટે ક્યાં લઈ ગયા, હૉસ્પિટલના ડૉક્ટરો કેવા હતા, અશોક કેવો રિબાયો... ઓહો - બધું સાંભળ્યા જ કરવું પડશે; સાંભળ્યા જ કરવું પડશે, સાંભળ્યા જ કરવું પડશે. વાતનો કંઈ અંત જ નહીં આવે.'

પણ પંદર દિવસ પછી રસિકલાલ પોતાની જગ્યાએ હાજર થઈ ગયા ને ટેબલ આગળ આવીને ઊભા રહેનારાઓએ ખરખરો કરવા માંડ્યો ત્યારે એમણે મૂંગામૂંગા ખુરસી બતાવી. જીવનમાં કદાચ પહેલી જ વાર એ પેલી ખીલીવાળી ખુરશી વિશે વાત કરવાનું ભૂલી ગયા. પેલા લોકોએ દિલસોજીના શબ્દો કહ્યા, રસિકલાલે તે સાંભળ્યા, હાથ જોડ્યા અને પછી ટેબલ પરનું પેપરવેઇટ ગોળગોળ ફેરવવા માંડ્યું. કેટલાક વધારે સાહસિક માણસોએ પૂછી પણ જોયું,

"રસિકલાલ! અશોક ક્યાં જતો હતો?"

"બહાર."

"તે... આ બધું કેવી રીતે બન્યું?"

"અકસ્માત થયો ને!"

"સામેથી મોટર આવી હશે, નહીં?"

"હું!"

"બહુ ખોટું થયું... પછી હૉસ્પિટલમાં તો તાબડતોબ લઈ ગયા, નહીં?"

"હા."

"કંઈ ઇલાજ કામ ન લાગ્યો, કેમ? બહુ ખોટું થયું!"

"હં."

"કયા ડૉક્ટરે સારવાર કરેલી?"

"યાદ નથી... ડૉક્ટર મહેતા હશે..."

ગમે તેટલા પ્રયત્નો કરવા છતાં વાત આગળ ચાલી જ નહીં, જાણે કે જીવનમાં પહેલી વાર, રસિકલાલને કંઈ કહેવાનું જ નહોતું. એમની પાસે કોઈ વાત જ નહોતી. એ શબ્દોના જંગલની બહાર નીકળી ગયા હતા.

• • •

# અંતરનાં વહેણ

ગઈ રાતના બનાવોની ચર્ચા કલાકથીયે વધારે ચાલી હતી. અંતે થાકીને હરેન્દ્ર બોલતો બંધ થઈ ગયો.

“જોતા નથી, બધા લોક તમારી મશ્કરી કરે છે?” ઉર્વશીના એ તીવ્રતાથી બોલાયેલા શબ્દોએ તેનું સ્વપ્ન છિન્નભિન્ન કરી નાખ્યું. તે માનતો હતો કે હૃદયના એક ઊંડામાં ઊંડામાં ખૂણામાં સંઘરી રાખેલી કોમળ લાગણીઓ તેણે લોકોની હજાર આંખોથી સફળતાપૂર્વક સંતાડી રાખી છે. આજે તેનો એ ભ્રમ ધૂળમાં મળી ગયો. સર્વ કંઈ જોઈ વળતી, નિષ્ઠુર, સહાનુભૂતિરહિત લોકોની એ આંખોનો તેને ક્યાં પરિચય નહોતો? અરે, થોડાક જ વખત પહેલાં પોતે જ એ ટોળામાં હતો ને! ટોળાનો મોવડી – અગ્રેસર.

તેના કટાક્ષની તીક્ષ્ણતાથી ભલભલા ડરતા. તેની આંખો જોવા જેવું કશું ભાગ્યે જ ચૂકતી. તેથી જ તો અમેરિકાથી આવ્યો કે તરત બિપિને કાકલૂદીભર્યા અવાજે કહ્યું હતું ને, ‘હરેનભાઈ, સાવ ઓગણીસમી સદીનું મૉડેલ છે. જોજો ભાઈસા’બ મશ્કરીઓ કરતા.’

પોતે તરત જ કરડાકીથી જવાબ વાળેલો, “કેમ, સાલેભાઈ છો એટલે છોડી દઈશ એમ સમજો છો? પહેલાંમાં પહેલું તો એ કહો કે આટલી બધી એક એકથી ચઢે એવી નવા જમાનાની યુવતીઓ હોવા છતાં તમે બાવા આદમના વખતની બલા ક્યાંથી ઉપાડી લાવ્યા? અને જો લઈ જ આવ્યા છો તો પછી સુધારતા કેમ નથી? જમાનો પ્રગતિનો છે, નથી જાણતા?”

જવાબમાં લોચા વાળતાં વાળતાં બિપિને જે કંઈ કહ્યું તેનો અર્થ એ હતો કે માબાપની મરજીનો અસ્વીકાર નહીં થઈ શકવાથી તે ઉમાને પરણ્યો હતો. ઉમાને સુધારવા માટે તેણે તથા ઉર્વશીએ થોડાઘણા પ્રયત્નો જરૂર કર્યા હતા, પણ હજી લગી પરિણામ કંઈ સંતોષપૂર્વક નહોતું આવ્યું. હવે પછી જો હરેન્દ્ર ધારે તો કંઈક થાય. એક રીતે જોતાં તો આ બાબતમાં હરેન્દ્રના આગમનની જ આતુરતાપૂર્વક રાહ જોવાતી હતી. તેની રમૂજભરી વાતચીત અને તીવ્ર કટાક્ષોથી ઉમા કેવી હાસ્યાસ્પદ બની જશે તેની ઘણા રાહ જોતા હતા. બિપિને ગભરાતાં ગભરાતાં એમ સૂચવ્યું કે હરેન્દ્ર તેના આ ભાવિ શ્રોતાઓને નિરાશ કરે.

“શા માટે? ઉર્વશીના ભાઈ છો એટલે? સત્ય ઢાંક્યું ઢંકાતું નથી, સમજ્યા?”

“પણ તમને ખબર નથી હરેનભાઈ, એ એવી છે…”

હરેન્દ્રને કબૂલ કરવું પડશે કે બિપિનના એ શબ્દોએ મનમાં એક કુતૂહલ જગાડ્યું હતું. તેના મનમાં એક ફાંકો હતો કે તે સ્ત્રીઓને સંપૂર્ણપણે સમજી શકે છે, મન ફાવે તેમ રમાડી શકે છે ને કંટાળો આવે ત્યારે છોડી દઈ શકે છે.

કેટલેક અંશે એ વાત સાચી પણ હતી. સંકોચનું તેના સ્વભાવમાં નામનિશાન નહોતું, સ્ત્રીઓ એકબીજામાં ભળે એટલી સહેલાઈથી તે પણ ભળી શકતો. તેના શબ્દોમાં એક જાતની મોહિની હતી. તેનાં વખાણ સાંભળવાં એ એક લહાવો હતો. હળવી મશ્કરીઓ કરીને તે એક

સ્ત્રીને ભોગે બીજી અનેકને રાજી કરતો અને સાધારણ રીતે પુરુષોને ન હોય એવી ગતાગમ એ સ્ત્રીઓના પહેરવેશ અને એવી બીજી ઝીણી બાબતોમાં ધરાવતો. તેની મિત્ર ગણાવામાં ઘણી સ્ત્રીઓ મગરૂબી માનતી અને એવું ભાગ્ય જેને ન સાંપડ્યું હોય તેઓ ઈર્ષ્યાની મારી એવી તક માટે તલસવા છતાં તેની ટીકાઓ કરતી.

હરેન્દ્ર જ્યાં જતો ત્યાં તે ઝટ દઈને કેન્દ્રસ્થાને પહોંચી જતો. શહેરની સુંદરમાં સુંદર અને સૌથી વધારે ચબરાક યુવતીઓથી તે હંમેશ વીંટળાયેલો રહેતો. નાનાં નાનાં પ્રકરણો તો તેના જીવનમાં ઘણાંયે આવી ગયેલાં, પણ ઉર્વશીને મળ્યા પહેલાં તેણે લગ્નનો વિચાર કર્યો નહોતો, તેને કરવો પડ્યો નહોતો.

ઉર્વશી જરા જુદી જાતની હતી. ગોરી, ઊંચી અને સોહામણી તે પોતાના વસ્ત્રાલંકારથી હંમેશ નિરાળી તરી આવતી. શહેરની ચાલુ ફૅશન તેના શરીર પર તમે બેએક મહિના પહેલાં જોઈ હોય તો ભલે, બાકી પ્રયત્નપૂર્વક તે ગાડરિયા પ્રવાહથી અળગી રહેતી. અનેક રૂપાળી સ્ત્રીઓની પેઠે તે સામાન્ય બુદ્ધિની નહોતી. હરેન્દ્રના દરેક વાક્યે તે હસતી નહીં. પહેરવેશ અને ઢબછબ બાબતનાં તેનાં દરેક વિધાનો સંપૂર્ણ શરણાગતિથી તે સ્વીકારતી નહીં. તેને જીતવા હરેન્દ્રને ઘણા પ્રયત્નો કરવા પડ્યા હતા. અને તે પ્રયત્નો કરતાં કરતાં એક આનંદભરી શોધ એ થઈ હતી કે પોતે ઉર્વશીના પ્રેમમાં હતો.

પહેલવહેલો એ ખ્યાલ આવ્યો ત્યારે તો હરેન્દ્ર જરા ચોંકી પડેલો. સ્ત્રીઓ તેના પર પ્રેમ કરે, તેની પાછળ પાછળ ફરે અને પોતે સામ્રાજ્યમાં પાછા ફરતા વિજેતાની જેમ કોઈને સ્મિતથી, કોઈને નજરથી, કોઈને સ્પર્શથી તો કોઈને વળી મીઠા બોલથી નવાજે એ એટલું બધું સ્વાભાવિક થઈ પડ્યું હતું કે હવે આ નવી વાત કંઈક અસ્વસ્થ કરી મૂકે એવી લાગતી હતી.

પોતે ઊભો હોય ત્યાં ઉર્વશી ધરાર ન આવે અને છતાં પોતે તેને અવગણી ન શકે, એ રાજરાણીની જેમ પોતાનો આગવો દરબાર ભરીને બેઠી હોય ત્યાં કંઈ ને કંઈ બહાનાં કાઢીને જઈ જ ચઢે એ કેટલું નવું હતું! હા, ત્યાં પહોંચ્યા પછી તો બીજા હજૂરિયાઓ બિચારા છેક જ ભુલાઈ જાય એવી આકર્ષકતા તેનામાં હતી જ. અને ઉર્વશી પણ એથી અજાણ નહોતી; છતાં વાત આખી વિચારવા જેવી હતી. તેને – હરેન્દ્રને કોઈક સ્ત્રીનું સામીપ્ય મેળવવા પ્રયત્નો કરવા પડતા હતા! એટલું જ નહીં, ઉર્વશી બીજા યુવાનો સાથે હસી હસીને વાતો કરતી ત્યારે તે ચિડાઈ જતો. ઉર્વશીને સદાને માટે જગતથી વિમુખ કરી પોતાના બાહુમાં જકડી રાખવાનું તેને મન થતું. આ બધાનો અર્થ સીધો હતો. આખરે તે પોતે જ પ્રેમમાં પડ્યો હતો.

પરંતુ એમાં કંઈ ખાસ મુશ્કેલી નહોતી. એક વખત મનને સમજાવી લઈને હરેન્દ્રે પોતાની સ્વતંત્રતા ઉર્વશીને ચરણે ધરવાનું નક્કી કરી દીધું, પછી બીજી બધી બાબતો તો છેક જ ગૌણ હતી. ઉર્વશીને તે નહોતો ગમતો એવું તો હતું જ નહીં. સૌથી વધુ લોકપ્રિય, દેખાવડા અને શ્રીમંત યુવાનને મેળવીને કોણ નારાજ થાય? વળી હરેન્દ્રના હાથમાં હાથ ભેરવીને ચાલતી વખતે આસપાસની બીજી સ્ત્રીઓની અદેખાઈભરી નજરની જે ફૂલઝર વરસતી તે તો ઉર્વશીને અત્યંત પ્રિય લાગતી. સ્ત્રીઓનાં ટોળાંમાં હરેન્દ્ર પોતાની રોજની અદાથી તેમને રીઝવતો, રમાડતો, હસાવતો બેઠો હોય ત્યાં જઈને, 'હરેન, ચાલો, હવે જઈએ.' એમ અધિકારપૂર્વક કહેવામાં તેને ભારે આનંદ આવતો.

આમ વિવાહ નક્કી થઈ ગયા. અને હરેન્દ્ર ધંધા અંગે અમેરિકા જઈ આવે પછી લગ્ન લેવાનું ઠરાવવામાં આવ્યું.

અમેરિકામાં એક નહીં ને બીજા કારણે મોડું થયા જ કર્યું ને પાછો આવ્યો ત્યારે તેણે સાંભળ્યું કે ઉર્વશીના ભાઈ બિપિનનાં લગ્ન થઈ ગયાં છે. પોતાની લાક્ષણિક ટીખળભરી રીતે તેણે પૂછેલું, “કેમ બિપિનભાઈ, અમારા કરતાં ચડિયાતું ઇનામ લઈ આવ્યા છો કે શું?”

ને જવાબમાં બિચારા બિપિને બધાં હથિયાર હેઠાં મૂકી દઈ શરણાગતિ લઈ લીધી હતી. હરેન વિચારે ચઢ્યો, કેવી હશે એ ઉમા!

અંતે તેણે એને જોઈ. સાજશણગાર નથી. મુખ પર હાસ્ય નથી. લાલ કોરની સફેદ સાડીમાં વીંટળાયેલું શાંત, મધુર વદન એક વખત નજરે પડ્યા પછી હંમેશને માટે હૃદયમાં ઘર કરી જાય એવું છે. સુંદર નિર્દોષ આંખો જાણે આ જગતને જોવા છતાં જોતી નથી. એની દૃષ્ટિ ક્યાં જઈને ઠરી છે? હરેન્દ્રને લાગ્યું કે એ દુનિયાનો પત્તો મેળવ્યા વગર જીવવું નિરર્થક છે. તેના મશ્કરીના શબ્દો હોઠ પર જ ઠરી ગયા. તેની મજાકભરી ભૂલો શોધતી આંખો પોતાનું કામ ભૂલીને ઉમાના એ સરળ નમણા ભીના વાનના ચહેરા પર જડાઈ રહી. આસપાસના લોકો આતુરતાપૂર્વક તેની પહેલી વાક્યરચનાની રાહ જોતા હતા. કટાક્ષના આ મહારથીની પહેલી જ મુલાકાતે ગામડિયણ ઉમા કેવી ક્ષતવિક્ષત થઈ જાય છે તે જોવાનું સૌ કોઈનું મન હતું. પણ એ બધા નિરાશ થયા.

લાગે છે કે ભાવિ સાળાનું હરેન્દ્રે માન રાખી લીધું. બિપિન અત્યંત આભારવશ નયને હરેન્દ્ર સામે જોતો હતો, પણ હરેન્દ્રને ફુરસદ ક્યાં હતી? એ તો ઉમાની સામે જુએ છે. આટઆટલા કોલાહલની જેના ચહેરા પર જરાય અસર નથી, આત્માના શાંત વૈભવની અધિષ્ઠાત્રી એ કોણ છે? કેવી છે? આવું નારીસ્વરૂપ તો હરેન્દ્રે કદી કલ્પ્યું સુધ્ધાં નથી. છેક જ અજાણી લાગણીઓનો એક જુવાળ હરેન્દ્રના મનમાં જાગ્યો. રસ્તો કરતો તે ઉમાની છેક જ પાસે જઈ પહોંચ્યો. આપોઆપ જ હાથ લંબાવાને બદલે ઊંચકાયા. નમસ્કાર કરીને તેણે કહ્યું, “મને ઓળખો છો? હું હરેન્દ્ર.”

ઉમા ચોંકી નહીં. એકદમ સ્વાભાવિકતાથી હાથ જોડી તેણે કહ્યું, “ઉર્વશીબહેન ને અમે બધાં ક્યારની રાહ જોઈએ છીએ, કેમ ન ઓળખું?”

જવાબમાં અસામાન્ય કંઈ હતું નહીં છતાં હરેન્દ્ર એકદમ પ્રભાવિત થઈ ગયો. કેટલી સાહજિકતાથી તેણે કહેવા જેવું બધું કહી નાખ્યું હતું! આગળ બોલવા માટે હરેન્દ્ર મુગ્ધભાવે શબ્દો શોધવા લાગ્યો. વળી પાછા લોકો નાસીપાસ થયા. છીનવાઈ ગયેલી મઝા હવે મળશે એવા વિચારથી જેઓ આ મુલાકાતના એકદમ પાસેના સાક્ષી બન્યા હતા તેઓ નિરાશ બન્યા. હરેન્દ્ર બીજું કંઈક બોલવાનું વિચારતો હતો તેવામાં તેણે જોયું કે ઉમાને સિગારેટના ધુમાડાથી તકલીફ થાય છે.

તેણે નાકે રૂમાલ દાબ્યો નહોતો કે મોં બગાડ્યું નહોતું; છતાં હરેન્દ્રને સમજાઈ ગયું કે તે આટલા બધા ધુમાડાથી ટેવાયેલી નથી. તેને ખરેખરી અમૂંઝણ થાય છે. પોતાનો સિગારેટવાળો હાથ તેણે પાછળ લઈ લીધો અને કહ્યું : “તમને આ ધુમાડો નથી ફાવતો, ખરું?”

“એવું તો કંઈ નહીં, પણ...” ઉમાને આગળ શબ્દો જડ્યા નહીં. તેની અને હરેન્દ્રની નજર એક થઈ અને તે હસી પડી. હરેન્દ્ર પણ હસ્યો અને પછી તરત બાજુમાં ખસી ગયો.

પરંતુ એ એક હૃદયમાં સંઘરી રાખવા જેવો અનુભવ હતો. માત્ર એક હાસ્યમાં કોઈ પોતાનું વ્યક્તિત્વ આટલું બધું દર્શાવી શકે એ તે કેવી વાત! ઊંઘમાં બાળક મલકે અને જોનારનું દિલ

હાલી જાય એવી જાતનો આ અનુભવ હતો. હરેન્દ્રને લાગ્યું કે તે કોઈ પહાડી ધોધની નીચે હમણાં જ સ્નાન કરીને આવ્યો છે. અત્યંત પ્રસન્નતાથી તેણે ઉર્વશીની પાસે જઈ કહ્યું, “ઉરુ, ચાલ તો, મને થાય છે કે આપણે ચાંદનીમાં થોડુંક રખડી આવીએ.”

ઉર્વશીએ ઠંડી નજર નાખીને કહ્યું, “મહેમાનો બેઠા છે ને આપણે આબેહૂબ જુનવાણી ઢબના વિવાહિત જોડાની જેમ છટકી જઈએ એ તે કેવું લાગે?” પછી વળી હરેન્દ્રનો પડી ગયેલો ચહેરો જોઈ ઉમેર્યું, “થોડા વખત પછી જઈશું. કિન્નરીની ગાડી નથી આવી. એને મૂકતાં આવીશું.”

‘વારુ.’ કહી હરેન્દ્ર ચાલ્યો ગયો.

મહેમાનોથી ભરપૂર ખંડમાંથી બહાર નીકળી તે નાના ઝરૂખામાં ઊભો ઊભો સિગારેટ પીવા લાગ્યો. આસપાસ ચોમેર શાંત ચાંદની પથરાઈ હતી. પાણીમાં જેમ નિશાન નથી રહેતાં તેમ સેંકડો વાર મોટરોની લાઇટથી વીંધાવા છતાં તેનું મંદ તેજ પહેલાંની માફક સંપૂર્ણપણે ફેલાઈ જાય છે. રાત્રિનો ઠંડો પવન તેના મોં પર જાણે છાલકો મારવા લાગ્યો. અચાનક જ હરેન્દ્રને થયું કે તે અને તેના જેવા અસંખ્ય માણસો જે આ દોડધામભરી જિંદગી જીવી રહ્યા છે તે ખોટી છે. સાવ જ ખોટી. આને માટે શું પોતે જન્મ્યો છે?

અને તરત જ તેને અત્યંત નવાઈ લાગી. આવો વિચાર તેને આજે આવ્યો જ ક્યાંથી? આ તો વળી એકદમ વિચિત્ર કહેવાય. પોતાની જિંદગી, વિચારસરણી, વ્યક્તિત્વ બધાથી છેક જ જુદું. આગ્રહપૂર્વક સિગારેટની રાખ ખંખેરી તે પાછો પેલા ખંડમાં ગયો.

પોતાની આગલી કીર્તિને પણ આંટી જાય તેવી ચબરાકીથી તેણે વાતચીત ને ધમાલ શરૂ કરી. જરા વારમાં જ આસપાસ એક સારું એવું ટોળું થઈ ગયું. હસતાં હસાવતાં, ચીડવતાં તેણે એક અધીરાઈભરી નજર કરી. ના, ઉમા નહોતી આવી.

બાજુના જ એક સોફા પર ઉર્વશીની બે સાહેલીઓ બેઠી હતી. બન્નેનો એકેક હાથ પકડી, જરા ખસેડી, વચમાં જગ્યા કરીને તે બેસી ગયો. પછી વાતચીતની જે રંગરેલીઓ ચાલી તેમાં સમયનું ભાન ભુલાઈ ગયું; છતાં જ્યારે બાજુમાં થઈને ઉમા ગઈ ત્યારે ઓચિંતી હરેન્દ્રને પેલી નવી જન્મેલી વિષાદની લાગણી અત્યંત બળવત્તર થઈને પાછી આવી હોય તેવું લાગ્યું. તેના હાસ્યમાંથી રંગત ઊડી ગઈ.

આવી જાતની ઠઠ્ઠામશ્કરીઓ ઉમાને પસંદ નથી એવું તે વગર કહ્યે સમજી ગયો. મારની આશા રાખતા અપરાધી બાળકને મા કંઈ બોલ્યા વગર છોડી દે, ત્યારે જેવી લાગણી થાય તેવું હરેન્દ્રને થયું. ખસિયાણો પડી જઈ તે ઊઠ્યો અને આમતેમ ફરવા લાગ્યો.

ઉમા વારંવાર તેની નજરે પડતી હતી. બહુ ઊંચી નહીં હોવા છતાં તે ઝટ દેખાઈ આવતી હતી. આસપાસના ટોળાથી તે ઘણી જ જુદી હતી. હરેન્દ્રે તેના પહેરવેશનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું. બિપિન ખોટું નહોતો કહેતો. હતી તો તે અસલી ઢબની જ. સાદી ગાંઠ વાળીને ભારે વાળનો મોટો બધો અંબોડો નીચો બાંધ્યો છે. સોનાની ઘૂઘરીવાળા ચાકની આસપાસ મોગરાની બબ્બે કળીની વેણી છે. અવારનવાર તે સ્વાભાવિકતાથી માથે ઓઢે છે ને કોઈનું કહેલું યાદ આવતું હોય તેમ પાછું કાઢી નાખે છે. ગળામાં સાચા મોતીની માળા છે, અસલી રેશમની ધોળી સાડીને છેક જ સાદી લાલ કોર છે. કોઈક પ્રસંગ માટે તૈયાર થઈ હોય એવી છતાં સાદી દેખાય છે. હાથમાંની ઝીણી ઝીણી લાલ ચૂડીઓ પર તેની આંગળીઓ કેટલીક વાર રમે છે, જાણે મનમાં ચાલતી વાતચીતનાં ત્યાં વિરામચિહ્નો મુકાય છે. આ બધા સાથે હળવામળવા

છતાં, કામ કરવા છતાં, તે અહીં નથી, તેના વિચારો ક્યાંક બીજે જ છે.

તે જ પળે ઉમાની નજર હરેન્દ્ર પર પડી. તેને અનિમેષ નજરે પોતાની સામે જોઈ રહેલો જોઈ તે સહેજ ખંચકાઈ. પછી પાસે આવીને બોલી, "કંઈ લેશો, હરેનભાઈ? બીજી કૉફી મગાવું?"

હરેન્દ્ર જોઈ શક્યો, કે આ વખતે તેના સ્વરમાં પેલી પરિચયની ઉષ્મા નથી. ભાવિ નણદોઈ માટેના વિવેકની જોઈતી માત્રા જ ફક્ત છે. તેણે પ્રશ્નનો જવાબ ન દેતાં કહ્યું, "મારી રીતભાત તમને નથી ગમતી, નહીં?"

એક ક્ષણ ઉમા ચૂપ રહી. પછી બોલી, "અહીં તો એવું જ બધું ચાલ્યા કરે છે. એમાં શું?"

હરેન્દ્રને કહેવાનું મન થયું, "ખરેખર કંઈ હું એવો નથી." પછી સદ્ભાગ્યે છેલ્લી ક્ષણે ભાન આવતાં તેણે પોતાની જાતને વારી લીધી, કહ્યું, "અત્યારે હવે ફરી કૉફી પીવાથી આખી રાતમાં જરા પણ ઊંઘી શકાય એવું તમને લાગે છે ખરું?"

"લાગતું તો નથી!" વિચારભર્યે ચહેરે તે બોલી. અને બન્ને જણાં હસી પડ્યાં.

મોડી રાતે પથારીમાં પડ્યા પડ્યા હરેન્દ્રને અનેક વિચારો આવવા લાગ્યા. એ કંઈ ખાસ ભણેલી નથી. દેખાવમાં તો ઉર્વશી એના કરતાં ક્યાંય ચઢી જાય. ઉમામાં તે એવું શું છે કે... વળી તેને વિચાર આવ્યો, પોતાને શાથી એવું બોલવાનું મન થયું? 'ખરેખર કંઈ હું એવો નથી.' એવો નહીં તો કેવો છે પોતે?

પોતાની જાતને ઓળખવાનું કામ હરેન્દ્રે આજ લગી કદી હાથ ધર્યું નહોતું. અનેક જાતના વિચારો કરી કરીને અંતે થાકીને તે ઊંઘી ગયો.

ત્યાર પછીના કેટલાક દિવસો ગડમથલમાં વીત્યા. આખરે તેણે સત્યનો સ્વીકાર કર્યો. ઉમાને માટે પોતાના હૃદયમાં અત્યંત આદરની, સન્માનની અને હા, સ્નેહની લાગણી છે. ઉમાની કોઈ મશ્કરી કરે તે પોતે ખમી શકતો નથી. તેનું મોં કરમાઈ જાય ત્યારે તેને ઊંડું દુઃખ થાય છે. ઉમાને શું ગમે છે, શું નહીં તે હરેન્દ્ર કોઈ અકળ રીતે સમજી જાય છે. તે રાત પછી ક્યારેય તેણે ઉમાના દેખતાં સિગારેટ પીધી નથી. ઉર્વશીએ એ બાબત એક વાર ટકોર પણ કરેલી.

"કાલે સાંજે તમે એક્કેય સિગારેટ ન પીધી?"

"એમ જ."

"મને ખબર છે."

"શું?"

"ઉમાભાભીને નથી ગમતું એટલે. ખરું કે નહીં?" બહુ ધ્યાનપૂર્વક હરેન્દ્ર સામે નજર માંડીને ઉર્વશીએ કહ્યું હતું.

"ના રે, એવું કંઈ નથી. અને ધારો કે હોય તો શું? સિગારેટ પીવી એ કંઈ બહુ સારું કામ તો નથી જ.' કંઈક અસ્વસ્થ થઈને હરેન્દ્રે જવાબ વાળેલો. ઉર્વશીએ બીજી કંઈ વાત કાઢી અને પ્રસંગ વિસારે પડ્યો, પણ હવે હરેન્દ્ર ક્યારેક વિચાર કરે છે.

ઉર્વશીની વાત કંઈ ખોટી તો નથી જ. ઉમાને નથી ગમતું માટે જ પોતે સિગારેટ નથી પીતો, તેણે કોઈ દિવસ કંઈ કહ્યું નથી, છતાં કેમ આમ થાય છે?

વધારે તો શું, સ્ત્રીઓ સાથેના ટોળટપ્પા પણ હવે હરેન્દ્રે ઓછા કરી નાખ્યા છે. ઉમા સાથે તો તેણે કદી છૂટથી વાતચીત કરી જ નથી, પણ ઉમાના દેખતાં બીજી સ્ત્રીઓ સાથે હળવી વાતચીત કરતાં પણ તેને શરમ આવે છે. તેનાં વાણી અને વર્તન પર આવો જબરો પ્રભાવ આજ સુધી કોઈનો પડ્યો નથી.

છતાં એક બાબત હરેન્દ્ર બહુ સ્પષ્ટતાથી કહી શકે કે તે એકદમ નિર્દોષ છે. તે ઉમાને ચાહતો નથી. એકે વાર તેને બિપિનની અદેખાઈ આવતી નથી. ઉર્વશી સાથે પરણવાનું મન જરા પણ ઓછું થયું નથી. ઉર્વશીની સાથે તો તેને હજી કેટકેટલું કરવાનું છે! સાથે સાથે હાથમાં હાથ પરોવી કેટલુંય રખડવાનું છે, દરિયાકિનારે છીપલાં વીણવામાં કે – એકદમ તેને જાણે આંચકો લાગ્યો. હમણાંના આવા વાહિયાત વિચારો કેમ આવતા હતા? બાળક જેવા, કવિ જેવા... કે પછી પ્રેમી જેવા?

સંતોષની એક લહેર તેના મનમાંથી પસાર થઈ ગઈ. તે ઉર્વશીને ચાહતો હતો. તેની સાથે વાતો કરવાનું, તેને અડકવાનું, તેને ખીજવવાનું જેવું મન થતું તેવું બીજી કોઈ યુવતી માટે થયું નહીં; ઉમા માટે પણ નહીં – ઉમા માટે તો ખાસ નહીં.

આમ જુઓ તો વાત બહુ સીધી હતી. ઉર્વશીને તે ચાહે છે, પરણવા માગે છે. પ્રેમની, તેમ જ બીજી સામાન્ય વાતો હજી તો કેટલીયે કરવાની છે. તે કલ્પના કરે છે, સાંજને સમયે બન્ને બેઠાં બેઠાં પડોશીની વાત કરતાં હોય, છોકરાના ભણતરની ચિંતા કરતાં હોય... વળી પાછી તેને નવાઈ લાગી. આ તો એક છેક જ સાધારણ માણસના ઘરસંસારનું ચિત્ર થયું. પોતાની ચળકાટભરી આકર્ષક દુનિયા ક્યાં! અને પેલો આકર્ષક હરેન્દ્ર ક્યાં! અને તેને કબૂલ કરવું પડ્યું કે તે ઘણો બદલાયો હતો.

અને એનું કારણ હતી ઉમા, એ સ્ત્રીનો તેના પર કંઈ અજબ કાબૂ હતો એને રાજી કરવા માટે હરેન્દ્ર ન કરી શકે એવું કશું નહોતું. એવું તે એનામાં શું હતું કે જે હરેન્દ્રને કંઈક કરી બતાવવા, કંઈક થઈ બતાવવા પ્રેરતું? જીવનમાં કંઈક ઉદાત્ત, સુંદર તત્ત્વ છે એવું એના સાન્નિધ્યમાં અનાયાસે જ લાગ્યા વિના ન રહેતું. અફસોસની વાત એ હતી કે સંસારનાં લાખો-કરોડો સ્ત્રીપુરુષોમાંથી માત્ર ઉમા જ હરેન્દ્ર પર આવી અસર કરે છે. કોઈ દિવસ એમાંથી દાવાનળ જાગ્યા વિના રહેશે નહીં.

એ વિચાર આવ્યા પછી હરેન્દ્ર બહુ સાચવીને વર્તતો. માનતો કે અંતરને ગુપ્ત ખૂણે ઉમાને જે અર્ઘ્ય અપાતા તે સૌથી અજાણ હતા. તેને બીક હતી કે લોકો જાણશે તો કદાચ જીવનનું એક અનુપમ ઐશ્વર્ય, જે તેને લાધ્યું છે તે ધૂળમાં મળી જશે. તેને બીક હતી કે ઉર્વશી જાણશે તો પોતાના મનના મનોરથ ભાંગી પડશે. બીજી કોઈ સ્ત્રીને તો તે પત્નીરૂપે કલ્પી જ નહોતો શકતો. અને ઉર્વશીને પરણવાનું, જલદી પરણવાનું તેને ઘણું મન હતું. અને પોતાની જાતની પાસે પણ અત્યંત સંકોચપૂર્વક કબૂલી શકાય એવી એની છેલ્લી બીક હતી, ઉમા પોતે જાણી જાય એની.

કોઈ વાર એને થયું, એ કેટલી સમજદાર છે, ઉદાર છે! એ શું નહીં સમજી શકે કે મારા અંતરનો આ સ્નેહ એ તો એક નિરાળી જ વસ્તુ છે! પુરુષનો પ્રેમ તો એ નથી, નથી ને નથી જ. મારા અંતરનું સન્માન, માત્ર એમાં પ્રીતિની કોમળ લાગણી ભળી છે એટલા જ કારણે શું એ નકારી કાઢશે?

છતાં એને બીક લાગતી. તે જાણતો કે અનેક વાતે ઉમા એકદમ જુનવાણી છે. કદાચ એવું પણ બને કે સારી જેવી કીર્તિ મેળવી ચૂકેલા આ નણદોઈના હૃદયની સ્થિતિનો જરાક પણ ખ્યાલ આવતાં તે એકદમ ભડકીને ભાગે. અરેરે, એમ થાય તો તો પછી જીવનનો પ્રકાશ જ ઓલવાઈ જાય ઉમાનાં બે નયણાંની ઉષ્મા વગર, તેના ફુલ્લપ્રફુલ્લ હાસ્યના તેજ વગર, તેના મૃદુ શબ્દોના ગુપ્ત આદેશ વગર જીવવું, એ તો પછી દેશનિકાલ પામીને જીવવા જેવું થઈ જાય. એને માટે તો હરેન્દ્ર કોઈ રીતે તૈયાર નથી. પરિસ્થિતિ આવી હતી ત્યાં એકદમ ઉર્વશીના શબ્દો આવી પડ્યા, ‘જોતા નથી, બધા લોક તમારી મશ્કરી કરે છે?’

આકરી વાસ્તવિકતાએ વીજળીની જેમ પડીને તેની સ્વપ્નની દુનિયા ક્ષણભરમાં વિનષ્ટ કરી નાખી. તેના અવશેષોને ખંખેરી ખંખેરીને ભેગા કરી હૃદય સાથે ચાંપતો તે બોલ્યો;

‘લોકોને શું? લોકો તો ગમે તેમ બોલ્યા કરે.’

‘ત્યારે તમે પણ લોકોથી વેગળા છો, નહીં – ઉમાભાભીની જેમ? પણ હરેન, થોડાક જ વખત પહેલાં તમે પણ એ લોકોમાંના જ એક હતા. તમારી નજર પણ એટલી જ સતેજ હતી...’

‘જીભ પણ એટલી જ કડવી હતી.’ હરેન્દ્ર જેમ તેમ કરીને હસ્યો.

‘ત્યારે હવે ફેર પડ્યો છે એટલું તો તમે પણ કબૂલ કરો છોને, હરેન! સાથે સાથે એ પણ કહી દો કે કોણે મીઠું બોલતાં શિખવાડ્યું? લોકોથી અળગા રહી ગુસપુસ વાતો કરતાં...’

હરેન્દ્ર એકદમ ચિડાઈ ગયો. તે ઉમા સાથે ધીમેથી વાત કરતો, પણ આવો શબ્દ...એ તો કેટલુંય બધું જ નહોતું તે ઊભું કરતો હતો, તેણે કહ્યું, ‘ઉર્વશી, જેમ ફાવે તેમ બોલ નહીં.’

‘આ એક વખત બોલી લેવા દો હરેન! પછી વારેઘડીએ મારી વાતો સાંભળવી નહીં પડે.’

‘આવું શું બોલે છે? આવતે મહિને તો આપણાં લગ્ન છે.’

‘એ તો બોલતા જ નહીં.’ ક્રોધના આવરણની પાછળ છુપાયેલાં આંસુ એકદમ બહાર ડોકાવા લાગ્યાં. ‘હું શું નથી જાણતી કે તમે હવે મને નથી ચાહતા?’

‘અરે, આવું ન બોલ ઉરુ, તું તો મને એટલી જ વહાલી છે.’

‘જૂઠું ન બોલો હરેન! હું એકલી જ નહીં, આખી દુનિયા જાણે છે કે તમે ઉમાભાભીના પ્રેમમાં છો.’

‘ઉરુ, ભગવાનના સોગન ખાઈને કહું છું કે એ વાત ખોટી છે. હું તો આપણાં લગ્નની રાહ જોઉં છું...’

વિચિત્ર સ્મિત કરીને ઉર્વશી બોલી : ‘શા માટે રાહ જુઓ છો, શાની રાહ જુઓ છો તે હું જાણું છું, હરેન...’

‘તમે મને પરણવા માગો છો, પણ તે મારે માટે નહીં, ઉમાભાભીના સગા થવા માટે, એની પાસે આવવા માટે. તમે જાણો છો કે બીજી કોઈ રીતે એ તમને સ્વીકારવાની નથી, પરંતુ તમારી સગવડ ખાતર હું આ રમતમાં ભાગીદાર થવા નથી ઇચ્છતી. આ લગ્ન નહીં થાય હરેન!’

તમામ શક્તિઓ હરાઈ ગઈ હોય એમ હરેન્દ્ર આ ભયંકર વાત સાંભળી રહ્યો. જ્યારે ઉર્વશી આટલે લગી આગળ વધી ગઈ હતી, ત્યારે તો કોઈ રીતે પોતાની દુનિયા ફરી ઊભી થવાની નથી. છતાં ભાંગેલે હૈયે તે બોલ્યો : ‘તું કોનું અપમાન કરે છે ઉરુ, તને ખબર છે?’

'તમારાં ઉમાભાભીનું.'

'ના, ઉમાનું નહીં ઉરુ, મારું પણ નહીં. આવી વાત કરીને તો તું આપણા પ્રેમનું અપમાન કરી રહી છે. ઉર્વશી, તને હું ચાહું છું. અત્યારે ભલે ગુસ્સે થઈ હોય છતાં તું પણ મને ચાહે છે. નકામું ઉમાનું નામ વચમાં લાવીને શા માટે આપણી જિંદગી બરબાદ કરે છે?'

'એને માટે શું તમને કંઈ જ નથી હરેન? એના ગમા–અણગમાનો તમને કશો જ ખ્યાલ નથી? એને રાજી રાખવા માટે તમે કંઈ જ નથી કરતા? તમારી ઓળખીતી બીજી સેંકડો સ્ત્રીઓ જેવી જ શું તમારા મનથી એ છે?'

હરેન્દ્ર કંઈ બોલ્યો નહીં. એના મૌનનો ફાવતો અર્થ ઘટાવી ઉર્વશી બોલી, 'બિપિન બિચારો સાવ ભોળો છે.'

એકદમ નવી આફતનો ખ્યાલ આવતાં બેબાકળો બની હરેન્દ્ર બોલ્યો, 'તો તું શું એને કહેવાની છે?'

'કેમ નહીં? આખરે એ મારો ભાઈ છે. લોકોમાં એની હાંસી થાય એ હું નહીં ખમી શકું.'

હરેન્દ્રની નજર આગળ એ ચિત્ર રમવા લાગ્યું. નિર્દોષ ઉમા પહેલાં તો આભી બનીને વાત સાંભળશે. પછી અત્યંત ત્રાસ પામીને, લજવાઈ જઈને એ આંખો નીચે ઢાળી દેશે. બીજાનો વાંક કાઢવાનું, અન્યાયનો પ્રતિકાર કરવાનું તો એ શીખી નથી. શી ખબર, મનોમન કદાચ એ પોતાની પવિત્રતા જ અપૂર્ણ સમજીને દુઃખી નહીં થઈ જાય? કેટલીયે વાર તે બોલી છે, આપણે જો ખરેખર સારાં હોઈએ, તો કોઈને આપણે માટે ખરાબ વિચાર આવે જ નહીં.'

અને પોતાની સામે તો હવે કદી તે જોશે જ નહીં. પહેલાંના જેવો સરળ મૈત્રીભર્યો સંબંધ તો હવે સ્વપ્ને પણ નહીં સંભવે. ઉર્વશી પરણવાની હા પાડશે તો પણ નહીં. એકદમ તેનું લોહી ગરમ થઈ ગયું. શી જાતની દુનિયા હતી? દરેક સ્ત્રીને માટે કાં તો પત્નીભાવ કે કાં તો ભગિનીભાવ જ હોવો જોઈએ? વચમાં કંઈ હોઈ શકે જ નહીં?

અકળાઈને તેણે ઉર્વશીને સામે જોયું. તેની જીભે કંઈ કંઈ શબ્દો આવી ગયા, પણ ઉર્વશીને દુઃખપૂર્વક રડતી જોઈ તે મહાપ્રયત્ને પોતાની જાતને કાબૂમાં રાખીને ઊઠ્યો. તેની પાસે ગયો. આખરે તેનો શો વાંક? ઉમાને મળતાં પહેલાં તે પોતે પણ આવો જ હતો. તેના વિચારો આટલેથી આગળ ન જ જઈ શક્યા હોય. તેણે કહ્યું, 'ઉરુ!'

'હં.'

'તને ખોટું નહીં કહું. જો, ઉમા માટે મને સ્નેહ છે, આદર છે, ઘણું ઘણું છે. પણ એથી આપણો સંબંધ જરાકે બદલાતો નથી. તું મને હજી એટલી જ વહાલી છે. તને હું પરણવા માગું છું. ઉમા માટે નહીં, તારે માટે પણ નહીં – મારે પોતાને માટે. તું કહેશે તો આપણે પરણીને તરત બહારગામ જતાં રહીશું. બોલ, હા કહે છે?'

કંઈક આનંદથી, વિસ્મય પામીને આંખો લૂછતી ઉર્વશીને અટકાવીને તે બોલ્યો, 'પણ તને છેતરીશ નહીં ઉરુ, ઉમા સાથેની સગાઈ આ લગ્નથી બંધાવાની નથી; કારણ કે એ ક્યારની બંધાઈ ચૂકી છે. એને પોતાને કદાચ ખબર ન પણ હોય. આપણે અહીં રહીએ કે બહારગામ, એથી એમાં કશો ફેર નહીં પડે. મારા મનથી એ હંમેશ પૂજ્ય ને પ્રિય રહેશે. બોલ ઉરુ, તું એ સાંખી શકશે? મને ચાહી શકશે?'

ઉર્વશી હરેન્દ્રની સામે જોઈ રહી. હજી તે એટલો જ દેખાવડો હતો; આકર્ષક, આનંદી... ઉર્વશી તેને ચાહતી હતી, પરંતુ સાથે સાથે વહેતાં, એકબીજા સાથે અથડાતાં, એકબીજાને ઓળંગતાં તેનાં આ પ્રીતિનાં વહેણ તેને ન સમજાયાં. શું જવાબ આપવો તેની વિમાસણમાં એ પડી ગઈ.

• • •

# અંદરનો અવાજ

"જોઈએ છે એટલે જોઈએ છે."

"તને એક વાર કહ્યું ને? હજુ તું બહુ નાનો છે, તારાથી બાઇક ના ચલાવાય."

"મારા ક્લાસના સાત છોકરાઓ પાસે પોતાની બાઇક છે અને રાતે દસ વાગ્યા પછી એ લોકો રેસિંગ કરે છે."

"તારે નથી કરવાનું."

"કેમ?"

"કારણ કે તું અમારો એકનો એક દીકરો છે. તારે લાંબું જીવવાનું છે. અમારાં અધૂરાં અરમાન પૂરાં કરવાનાં છે."

"તમે સ્વાર્થી છો. તમે જુઠ્ઠા છો અને નબળા છો. તમે કમાઈ શક્યા નથી, તમે મારે માટે બાઇક લઈ શકો એવું તમારું ગજું જ નથી. એ કબૂલ કરવાને બદલે તમે મારા પર પ્રેમ હોવાનો ઢોંગ કરો છો - લ્યાનત છે તમને."

"અરે ના ના, એવું ના બોલ, દીકરા - ના બોલ!"

સનતભાઈએ કંઈક મોટા અવાજે ચીસ પાડી. તે સાંભળીને એમની પડખે સૂતેલો અશોક જાગી ગયો અને બેબાકળો થઈને એમને પંપાળવા લાગ્યો. એ પૂછતો હતો, "પપ્પા! પપ્પા! શું થયું? કેમ બૂમો પાડો છો? તબિયત નથી સારી?"

સનતભાઈ ગભરાયેલી નજરથી અશોક સામે જોવા લાગ્યા. થોડી વાર પછી બોલ્યા, "હું તારો ગુનેગાર છું દીકરા! મને માફ કર. તારી સાદી માગણી પણ હું પૂરી નથી કરી શકતો તો મોંઘામાંની બાઇક તો ક્યાંથી અપાવું?"

"અરે, પણ બાઇક કોને જોઈએ જ છે? મારે કેટલું બધું ભણવાનું છે. બાઇક ફેરવવાનો ટાઇમ જ કોને છે?"

"તો... તું... મને નહોતો કહેતો કે..."

"શું?"

"અશોક! તું મને વઢતો નહોતો? ધમકાવતો નહોતો?"

"અરે પપ્પા! એવું તો કદી બનતું હશે? સપનામાંય એ ન બને."

"તમે ખરા છો! મારે માટે આવો વિચાર જ તમને કેવી રીતે આવે?"

"ખરેખર? તો પછી... જરા પાણી પા ને અશોક! હું તો પરસેવે રેબઝેબ થઈ ગયો છું."

"થાઓ જ ને! આવાં ગાંડાંઘેલાં સ્વપ્નાં જુઓ એટલે પછી આવું જ થાય ને?"

અત્યંત વહાલથી સનતભાઈનું મોં પાસે પડેલા નૅપ્કિનથી લૂછતાં અશોક બોલ્યો અને પાણી લેવા ઊઠ્યો.

"હાશ! સારું થયું ને સવિતા તારા મામાને ત્યાં ગઈ છે!"

"મમ્મી મામાને ત્યાં જાય કે માશીને ત્યાં જાય એની ગેરહાજરીનો લાભ લઈને આવાં ખોટાં સ્વપ્નાં જોવાનાં બંધ કરો, સમજ્યા મિસ્ટર સનતપ્રસાદ?"

"અલ્યા બાપને આવું કહેવાય?"

"બાપા આવાં સ્વપ્નાં જુએ તો એમને કહેવું જ પડે ને?"

"ચાલો, લો આ પાણી અને જરા ખસતા સૂઈ જજો. મારું વાંચવાનું પૂરું થશે એટલે હું અહીં તમારી પાસે જ સૂઈ જવાનો છું. સમજ્યા કે ફરી સમજાવું?"

"ના ભાઈ ના! સાંકડું પડશે. પાછો તું ઊંઘમાં હાથ-પગ ગમે તેમના ફેલાવે તો મારી ઊંઘ બગડે."

"છો ને બગડતી! ઊંઘ નહીં આવે તો આવાં સ્વપ્નાં નહીં આવે. એ કંઈ ઓછો ફાયદો છે?"

"સાવ નઠારો છે તું અશોક!"

"આજે ખબર પડી?"

બંને જણના ચહેરા સ્મિતથી છલકાઈ ગયા.

• • •